# અંગદનો પગ: શિક્ષકનું આત્મશોધન

ડૉ , દિલીપભાઈ ગામીત

ઈ.ચા.પ્રિન્સિપાલ,

સરકારી બી.એડ્ કોલેજ, કાછલ.

ગુજરાતી સાહિત્યમાં નવલકથાનું સ્વરૂપ સમયાંતરે નવા-નવા મોડ લઈને વિકસતું રહ્યું છે. ‘ કરણઘેલો’ થી શરૂ કરી ‘વાસ્તુ’ નવલકથા સુધી નજર માંડીએ તો એનો અંદાઝ આવશે.નવા-નવા સિમા સ્થંભો રચાયા છે. ગોવર્ધનરામની ‘સરસ્વતીચન્દ્ર’, કનૈયાલાલ મુનશી ની ‘ગુજરાત નો નાથ’પન્નાલાલ પટેલની ‘માનવીની ભવાઈ’ મનુભાઈ પંચોળીની ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’, રઘુવીર ચૌધરીની ‘અમૃતા’ સુરેશ જોષીની ‘છીન્નપત્ર’ અને છેલ્લે યોગેશ જોશીની ‘વાસ્તુ’ નવલ સુધી આવતાં નવલકથાના સ્વરૂપના નવા પરિણામો, નવું રૂપ,નવા વિષય જોવા મળશે, લાગણી, સમુન્દ્રાન્તિકે, આપણો ઘડીક સંગ, જેવી કૃતિઓ લઘુ સ્વરૂપમાં લખાઈ, હરેશ ધોળકિયા લિખિત ‘ અંગદ નો પગ’ પણ લઘુનવલ છે. 181 પુસ્ઠોમાં લખાયેલી લઘુનવલની બાંધણી પાકા પુંઠાની છે. 75 રૂ. ની કિંમતની આ લઘુનવલના 2006 અને 2007 માં બે વર્ષમાં ચાર વાર મુદ્રણ કરવી પડી છે. લઘુનવલના પ્રતિભાવો 185 થી 188 પૃષ્ઠ પર જોવા મળે છે. લઘુનવલ એકી બેઠકે વાંચી માણી શકાય તેવી છે. સર્જન કેવું છટકણું એટલું જ સહજ સ્કુરિત છે, તે આધુનિક નવલકથાકારોના શબ્દોથી જાણીએ, વિનેશ અંતાણી ‘પ્રિયજન’ સર્જનની કેફિયત રજૂ કરતાં લખે છે,

‘’ માલીયા’ નાટક પરથી નવલકથા લખવાના નિર્ણય સુધી દોરી ગયા’

” નવલકથા લખવા બેઠો ત્યારે તેનો આરંભ ક જ કરી શકાયો નહીં”

“ નવાઈ લાગતી હતી- લખવા ધારેલી નવલકથાની આખી રૂપરેખા તૈયાર હોય અને છતાં એક અક્ષર પણ પાડી શકાય નહી !

“ બીજા દિવસની મધ્યમાં ‘ આસોપાલવ’ નવલકથાનું વાર્તાબીજ મનમાં આવ્યું. ‘પ્રિયજન લખવાનું બાજુ પર છોડી, નવી ફાઈલ – નવા કાગળ સાથે – ગોઠવી મેં ‘આસોપાલવ’ લખવાનું શરૂ કરી દીધું. જે નવલકથા વિશે અગાઉથી કોઈ યોજના કરી નહોતી તે ઝડપભર સળંગ લખાવા લાગી, રાત દિવસ લખવાનું

ચાલ્યું, ત્રણ દિવસમાં 'આસોપાલવ' પૂરી કરી. એથી ફાયદો એ થયો કે સર્જકતાની પૂરી ધાર નીકળી 'આસોપાલવ' સમાપ્ત થઈ તેની બીજી જ મિનિટે 'પ્રિયજન' લખવાની શરૂઆત કરી શક્યો."

હરેશ ધોળકીયાના શબ્દોમાં આ સર્જકે આયનરેન્ડના ' Founlanhead' અને Atlas shrugged' આ બે પુસ્તકો એકી બેઠકે વાંચી મનન કર્યુ છે. એમાં શ્રેષ્ઠ મનુષ્યત્વ અને અદ્ ભુત અર્થશાસ્ત્રનું દર્શન કર્યુ છે. એમના મિત્ર વિનેશ અંતાણીએ પણ લખવાનું સૂચન કર્યું છ. પણ નવલકથાકારનો જવાબ હતો, 'ગુજરાતને ન ફાવે' લેખક કહે છે, "પણ મનમાં વિચાર રમ્યા કરે આ વિચાર પર કશુંક લખાવું તો જોઈએ,તે વિચારને સમજાવતા લેખો તો લખ્યા, પણ મનમાં વિચાર તો નવલનો જ વાગોળાતો રહ્યો. મને તો નવલકથા લખતાં ન આવડે, શું કરવું?"

" ૧૯૯૮ મા અચાનક રહસ્ય રીતે 'ખંડિત અખંડ ' નવલકથા લખાઈ ગઈ. તેણે હિંમત આવી કે ચાલો, લખી તો શકાય. તેમાંથી ' શેષનાગ' (Atlas) Shrugged નું ભારતીકરણ) નવલકથા લખી શરૂ કર્યુ. શિક્ષણજગત ને માધ્યમ બનાવ્યું. બે પ્રકારના શિક્ષકો વચ્ચેનો સંઘર્ષ નક્કી કર્યો. પચીસ વર્ષ આ ક્ષેત્રમાં કામ કર્યુ હતું. સેકન્ડ રેટરોને ભરપૂર માણ્યા હતા. અનેક ઘટનાઓ અને દ્રશ્યો આંખ સામે તરતાં હતાં. ધીમે ધીમે તેને સંકલિત કરવા માંડ્યા અને નવલકથાના ફોર્મમાં ઢાળવા માંડ્યા લખવી શરૂ કરી, સળંગ અઢારેક પ્રકરણ લખાઈ પણ ગયાં. ફરી અટકી આગળ વધે જ નહી. વચમાં ઘણાં પુસ્તકો તૈયાર થયાં. આ પડી રહી.

' હમણાં ગુસ્સો ચડયો કે આ શા માટે ઠેલાયા કરે છે? તરત ડેડલાઈન નક્કી કરી અને ફરી શરૂ કરી, અને લ્યો! પછીનાં ચાર પ્રકર ણ ત્રણ જ દિવસમાં લખી નાખ્યાં અને પુરી જ કરી, ત્યારે જ ' Relax' થવાયું"

અહીં એક ઘડાયેલા સર્જક અને લખું કરતાં નવા સર્જકની કેફિયત જોતા સર્જનં એવું કંઈક તત્વ છે, જે સર્જકને બહાર કાઢતા ખુબ જ મથામણ કરવી પડે છે. પણ જ્યારે સર્જક એને બરાબર પામી જાય છે, ત્યારે એકી બેઠકે લખી નાખે છે, આ જ તત્વને ભાવક પકડી પાડે તો એક બેઠકે વાંચી નાખે છે. કશુંક મળ્યાનો આનંદ અનુભવે છે એવો આનંદ- બ્રહ્મ સહોદર આનંદ, 'અંગદનો પગ' માંથી પસાર થતાં એવો જ કંઈક અનુભવ થયાની પ્રતિતિ થાય.

'અંગદનો પગ' વાસ્તવિક ભૂમિકાને કેન્દ્રમાં રાખીને રચાયેલી કૃતિ છે. એમાં સર્જક શિક્ષણ જગતને માધ્યમ બનાવ્યું છે. શિક્ષક સર્જક પાસે પચીસ વર્ષનો અનુભવ છે. જે કૃતિને બનાવવા ઉપકારક નિવડ્યો છે. બકુલ દવે આ કૃતિના સંદર્ભે નોંધે છે,

" નવલકથામાં ઝાઝાં પાત્રો નથી, બે શિક્ષકોની આસપાસ કથાવસ્તુ ગૂંથાયું છે. અથડામણ,

સંઘર્ષ અને પછી જન્મતી પીડાની વાત લેખકે બે ખૂબી અને લાઘવપૂર્ણ રીતે કરી છે........ પ્રસંગોની ગૂંથણીમાં લેખકે પોતાનું કૌશલ્ય અને સર્જનાત્મક કથા દેખાડી કથાનું સુપેરે નિર્વહણ કર્યુ છે. લેખકનો દાર્શનિક અભિગમ કયા પ્રવાહમાં ક્યાંય અંતરાય બનતો નથી. લેખકનું ભાષા કર્મ કથાને શણગારે છે..."

કૃતિ કલા પાસાં અને નવલન સ્વરૂપને જોતાં ઉપરોક્ત નોંધ યથાર્થ માલૂમ પડે છે.

શિક્ષણ જગતની નરી વાસ્તવિકતા રજૂ કરતી આ લઘુનવલ પ્રતિભાશાળી અને સામાન્ય વ્યકિતની સંઘર્ષની કથા છે, શાળા નવલકથાનું બેકગ્રાઉન્ડ છે. શાળાનું વાતાવરણ ભાવાવરણને લેખકે વણી લીધું છે, એમાં ભણાવતાં શિક્ષકો અને વિદ્યાર્થી કથાના પાત્રો છ. સમગ્ર કથા ડાયરી સ્વરૂપે છે. પશ્ચાતાપરૂપે લખાયેલી આ ડાયરી વિદ્યાર્થીને હાથે ખૂલે છે . વંચાય છે. ભાવક એમાં સંડોવાય છે. પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા જ્યોતિન્દ્ર શાહ અને સામાન્ય વ્યક્તિત્વ ધરાવતા કિરણદવેના પાત્રોમાં વિહરે છે. કિશોર એક જ રાત્રી એકી બેઠકે ડાયરી પૂર્ણ કરે છે. ભાવક માટે પણ એવા જ સંજોગો ઉભા થાય તેમ છે. શાળામાં રોજ બરોજ બનતી ઘટનાઓ અને એ સંદર્ભના પંચો એની મેળે ઉઘડે છે. જ્યોતિન્દ્ર શાહ અને કિરણ દવેનું એમાંથી ઉપસતું વ્યકિતત્વ ભાવક મમાળાવે છે. કિરણ દવે મહત્વાકાંક્ષી છે. એમના પિતા અગ્રણી વકીલ હતા. એ પણ પ્રભાવશાળી હતા. એમની ઈચ્છા પુત્રને મહત્વકાંક્ષી બનાવવનો હતો.

" પણ તે બણ! સિદ્ધિ તો મેળવવી પડશે

મારો દીકરો સામાન્ય ન હોવો જોઈએ'"

નાનપણથી જ કિરણ દવેએ ' સામાન્ય' માંથી બહાર આવવાના બીજ રોપાયા હતા. પરંતુ છે એ 'સરેરાશ' માણસ એ એની વિધીની વક્રતા. પણ કિરણે આ વિધીની વક્રતાને હડસેલી આગળ નીકળવું હતું. નવા નવા પ્રપંચો રચીને એમની નબળાઈઓ એમની મા, રમતના શિક્ષક અને પ્રતિભાશાળી અને સિનિયર શિક્ષક હોવાં છતાં તેમને પાછળ પાડવ નવા નવા પેતરાં રચે છે. પ્રવાસનું આયોજન, સંઘના સભ્ય બનવું, ટયુશન પ્રથા લાવવી, જ્યોતિન્દ્ર પર વર્ગમાં ખરાબ-ખરાબ શીખવે છે, આરોપ મૂકાવવો. આ બધામાં કિરણ દવે જ્યોતિન્દ્રની પ્રતિભા સામે નિષ્ફળ નિવડે છે.

" દવે, લોકપ્રિય થવા તારી લીટી મોટી કર,બીજી લીટીને નાની કરવા પ્રત્યયન ન કર, તેનાથી કદી પ્રગતિ થઈ શકતી નથી. લીટી નાની પણ કરી શકાતી નથી. આવો પ્રયાસ મારા પર ભલે કર્યો પણ અન્ય શિક્ષક પર ન કરતો તે. તે હાર્ટ એટેકથી મરી જશે. દોસ્ત, લડાઈ કરવી છે ને તો બુધ્ધિથી લડ, મજા પડશે."

અને કિરણ દવેના શબ્દો જુઓ,

'હું મનમાં સમસમી રહ્યો.'

શાળા પ્રવેશી અગ્રણી બનવા માટે કિરણદવે ચારક્ષેત્રો પસંદ કર્યો. વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય અને ટ્રસ્ટીઓ., વિદ્યાર્થીઓનો લાંબો પ્રવાસ ગોઠવવાનું આયોજન કરી પ્રભાવ પ્રયાસ, પરંતુ ટૂકા પ્રવાસમાં પણ જ્યોતિન્દ્ર શાહની કુશળતાને કારણે પોતાના પગ સ્થિર રાખવો- જ્યારે લેખકના શબ્દોમાં કહીએ તો કિરણ દવેનું આ 'પ્રથમ પંચકર', છેલ્લે સુધી ચાલુ રહે છે, પછીએ વિદ્યાર્થીઓની સમજાવવાની રીત, પ્રાર્થના સભાનો પ્રસંગ, વકતુત્વ સ્પર્ધા માટે વિદ્યાર્થીને તૈયાર કરવાની આવડત- બધે જ જયોતિન્દ્રના પગને દવે ખસેડી શકતા નથી. આ બધું જ ડાયરીરૂપે છે, જે નવલકથાની રચનારીતિની વિશિષ્ટતાઓ છે. જ્યોતિન્દ્ર ના ભાગને ઘડવામાં ભાવકના આંતરમનને પણ ઘણા વિધાનો ઉપકારક નીવડે તેવો છે.

" મહાવીરે સંકોચાતા મને નમસ્કાર કર્યા. પછી ઓઝાસાહેબને પગે લાગ્યો. છેલ્લે જ્યોતિન્દ્રને પગે લાગ્યો. જ્યોતિન્દ્રે તેને છાતીસરસો ચાંપ્યો અને બોલ્યો, 'બેટા, અલ્યા આવો સરસ મહાવીર તું બેવકૂફ કાં થાય છે? શા માટે ખરાબ લગાડે છે? આગળ વધ, બેટા, તારામાં ખૂબ શક્તિ છે."

"હાં લૂંટજે, વાંધો નહીં, પણ ગરીબો પ્રત્યે ધ્યાન રાખજે, તેમનું કોઈ નથી, તેમન પાસે પૈસા ન લેવા- તે ગરીબને મોટું બળ આવી જશે તેનું વળતર ધનવાનો પાસેથી લેજેને !"

" ના જરાપણ રસ નથી, ખૂબ વાંચ્યો છે તેને" ઓછા શબ્દોમાં વધુ કહેવાની ખપ લેખકમાં પાને પાને જોવા મળે છે. જે લેખકનું ભાષા કર્મ સુચવે છે, સંવાદો પણ એટલા જ ટૂંકા અને સચોટ સાથે સાથે ઉપદેશાત્મક, પ્રેરણાત્મક વાક્યો ભાવકને માટે ઉપકારક બની રહે તેવા છે, પાત્રોનું વર્ણન પણ લાઘવપૂર્ણ છે, જે લેખકની વર્ણનકલાના દર્શન છે. પછી એ ટ્રસ્ટી રાકેશ હોય કે વિદ્યાર્થી કિશોર હોય જ્યોતિન્દ્ર અને કિરણ તો ખરા જ, ઓછા શબ્દોના વર્ણનથી વ્યકિતની છબી ઉપસાવવાની કલા લેખકમાં અજાયબ છે. આખી નવલકથામાં જ્યોતિન્દ્રનું પાત્ર પ્રતિભાશાળી વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે કિરણ દવેનું પાત્ર સામાન્ય વ્યકિતઓનું પ્રતિનિધિત્વ કરે છે. જેના થકી જ હેતુ પૂર્વક લખાયેલી આ નવલકથાનો 'મેસેજ' ભાવકને મળી રહે છે, એજ લેખકની સિદ્ધિ છે. સમગ્ર શાળા-કોલેજોના ભાવાવરણને પ્રતિબિંબ પાડતી આ નવલકથા છે. એમ કહેવામાં અતિશયોકિત લાગતી નથી. 'અંગદ' ના પગને કોઈ ખસેડી શકતા નથી તેવી જ રીતે પ્રતિભાશાળી વ્યક્તિને કોઈ હરાવી શકતા નથી કારણ કે તે આંતરિક રીતે સ્થિર હોય છે. જે શિર્ષકની યથાર્થતા છે.

અંતિમ પડાવ પર કિરણદવેનું શરીર નામશેષ થઈ ગયું છે., પ્રકાશનાં આંખના ઝળઝળહળિયામાં ભાવકની આંતરચેતનાને ઉજાળે છે. શોલેના આરંભથી શરૂ થતી નવલકથા ' ટાઈટેનિક' ના બોર્ડ પૂર્ણ થાય છે. આ બે વચ્ચે સમગ્ર શિક્ષણ જગત પ્રતિકાત્મક સ્વરૂપે રજૂ થતું જોવા મળે છે, ડો.મોતીભાઈ પટેલે નોંધ્યું છે તેમ,

" કિરણ દવે જેવા હજારો માટીમગા શિક્ષકો આ નવલ વાંચશે તો પોતાની જાતને તપાસવાની તક મળશે, જ્યોતિન્દ્રો વાંચશે તો બળ મળશે."

" સાહિત્ય જીવનની સમીક્ષા છે' અને સાહિત્ય સમાજનું દર્પણ છે." બન્ને અર્થમાં 'અંગદનો પગ' નિહિત છે.

## સંદર્ભસૂચિ


૧. સંતાણી વિનેશ એ. (૨૦૦૭) પ્રિયજન, (છઠ્ઠી આવૃતિ) મુંબઈ:આર.આર.શેઠ એન્ડ કુ!. પૃ-૪

૨. ધોળકિયા હરેશ ( ૨૦૦૭) ( અંગદનો પગ પુન મુંદ્રણ) અમદાવાદ: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય. પૃ-૭ થી ૯

૩. દવે બકુલ (૨૦૦૬) ' પરબ અંક' ( સપ્ટેમ્બર ) અમદાવાદ: ગુજરાતી સાહિત્ય પરિષદ. પૃ-૬

૪. ધોળકિયા હરેશ ( ૨૦૦૭) ( અંગદનો પગ પુન મુંદ્રણ) અમદાવાદ: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય. પૃ-૨૮

૫. એજન પૃ-૧૪૩

૬. એજન-પૃ-૬૧

૭. એજન- પૃ-૭૨

૮. એજન- પૃ-૧૮૪

૯. પટેલ મોતીભાઈ ( ૨૦૦૬) સાંપ્રત અંક ( જુન) અમદાવાદ. પૃ-૪